

ओ३म्

कृण्वन्तो विश्वमार्यम्

आर्य वैदिक दर्शन



यज्ञो वै श्रेष्ठतमं कर्म

# ARYA VEDIC DARSHAN

# આર્ય વૈદિક દર્શન

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાનું
માસિક મુખપત્ર

RNI Registration No. Guj/Guj/2015/63289

Vol. 4 Issue 5 January 2021 Ahmedabad,(Gujarat)
Page : 32, Rs,100 Annual



15/1/21

જન્મ:- ૨૧/૦૫/૧૯૪૨

મૃત્યુ:- ૦૭/૧૨/૨૦૨૦

## સ્મૃતિશેષ નાથુભાઈ કેશવલાલ કોડિયા

# આર્ય વૈદિક દર્શન

આર્ય વૈદિક દર્શનનું લવાજમ રોકડેથી અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે ભરી શકાય છે.

૧. આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી, પિન : ૩૬૩૬૫૦

૨. પૂનમચંદ નાગર
આર્યસમાજ, રાયપુર દરવાજા બહાર,
મહર્ષિ દયાનંદ માર્ગ, (કાંકરિયા)
અમદાવાદ ૩૮૦૦૨૨

૩. પ્રવીણચંદ્ર ઠાકર
આર્યસમાજ, આર્યસમાજ માર્ગ,
ન્યૂ માયાણી નગર, મ્યુનિસી કવાટર્સ સામે,
નાનામવા સર્કલ, રાજકોટ

નોધઃ ૧) લવાજમ મોકલતી વખતે ગ્રાહકે પોતાનું પત્રવ્યવહારનું પૂરૂ સરનામું અને ફોન નંબર લખી મોકલવા.

૨) લવાજમ બેંક દ્વારા પણ નીચેના ખાતામાં ભરી શકાશે. બેંકમાં નાણાં ભર્યાની સ્લીપ તથા હેતુ સભા કાર્યાલયમાં જણાવવા.

બેંક ખાતાનું નામઃ ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા
બેંકનું નામ : યુનીયન બેંક ઓફ ઈન્ડિયા
ખાતા નંબર : ૩૧૩૩૦૨૦૧૦૩૫૨૭૨૫
IFSC : UBIN0531332

પ્રકાશન અર્થેના સમાચાર, લેખ, કાવ્યો વગેરે નીચેના સરનામે મોકલવા. પર્વ – તહેવાર અને વિશેષ દિવસના લેખ અંક પ્રસિદ્ધ થવાના બે માસ પહેલા મોકલવા.

Email : aryasamaj.tnk@gmail.com, gujaratsabha@gmail.com

આર્યસમાજ, ત્રણ હાટડી,
ટંકારા, જિ. મોરબી
પિન : ૩૬૩૬૫૦

सत्य के ग्रहण करने और असत्य को छोडने में सर्वदा उद्यत रहना चाहिए।

# આર્ય વૈદિક દર્શન

RNI NO. Guj/Guj/2015/63289

સૃષ્ટિ સંવત: ૧,૯૬,૦૮,૫૩,૧૨૧
વિક્રમ સંવત: ૨૦૭૬
વર્ષ: ૪ (સળંગ વર્ષ ૩૯)
અંક: ૫, (જાન્યુઆરી - ૨૦૨૧)
સંપાદક: સુરેશચંદ્ર આર્ય
મોબાઈલ નં. ૯૮૨૪૦૭૨૫૦૯
સહસંપાદક: આર્યસમાજ - ટંકારા
મોબાઈલ નં. ૮૯૮૦૮૦૮૦૭૧
વ્યવસ્થાપક: પ્રવીણચંદ્ર ઠાકર
મોબાઈલ નં. ૯૦૩૩૦૩૧૧૪૬
પ્રકાશક: ગુજ.પ્રા.આર્ય.પ્રતિનિધિ સભા
પ્રકાશન કાર્યાલય : આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા
મુદ્રક: નચિકેત આર્ટ પ્રિન્ટર્સ, ૧૧, ગેલેકસી કોમર્શિયલ સેન્ટર, જવાહર રોડ, રાજકોટ
ફોન: ૦૨૮૧ - ૨૨૩૪૫૬૫
લવાજમ દર:
વાર્ષિક: રૂ. ૧૦૦/-
દ્વિવાર્ષિક: રૂ. ૧૭૫/-
ત્રિવાર્ષિક: રૂ. ૨૫૦/-
આજીવન: (૧૦ વર્ષ) રૂ. ૮૦૦/-
૧ પ્રત: રૂ. ૧૦/-
આર્ય વૈદિક દર્શન દર માસની ૬ તારીખે પ્રસિદ્ધ થાય છે.
Email : gujaratsabha@gmail.com

## સ્મૃતિ વચંન

दैव रात्र्यहनी वर्ष प्रविभागस्तयोः पुनः।
अहस्तत्रोदगयनं रात्रिः स्याद्दक्षिणायनम्।

मनु. ६७ (३६)

मनुष्यों का एक वर्ष एक दैवी 'दिनरात' होते हैं उन दैवी 'दिनरात' का भी फिर विभाग है उसमें सूर्य की भूमध्य रेखा से उत्तर की ओर स्थिति अर्थात् 'उत्तरायण' दैवी दिन कहलाता है, और सूर्य की दक्षिण की ओर स्थिति अर्थात् 'दक्षिणायन' दैवी रात है।

## અનુક્રમણિકા

| | |
|---|---|
| જીવન યાત્રા | ૪ |
| જિજ્ઞાસા સમાધાન | ૦૭ |
| ગુજરાતનું ગતિશીલ આર્યસમાજ | ૧૦ |
| વેદ પ્રવચન | ૧૩ |
| સ્વર્ણ પથ | ૧૮ |
| અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર | ૨૦ |
| સત્ય અસત્યની પરીક્ષા | ૨૩ |
| ઘનઘોર જંગલમાં | ૨૬ |
| બાલ વિભાગ | ૩૦ |

# જીવન યાત્રા

યોગેશભાઈ કારાવડીયા, મો. ૯૮૨૫૦૨૫૨૧૦

પ્રતિદિન સૂર્યોદય સાથે આપણે નવા દિવસનો પ્રારંભ કરીએ છીએ સમગ્ર દિવસનું નિર્ધારિત કરેલ કાર્ય નિત્ય ક્રમાનુસાર પૂર્ણ કરી રાત્રી આવે એટલે સૂઈ જાઈએ છીએ.

આ ક્રમ કેટલાક દિવસોથી, કેટલાક મહિનાઓથી, કેટલાક વર્ષોથી કે પછી કેટલાક જન્મોથી આપણે બધા કરતા આવ્યા છીએ. આપણી પાસે તેની કોઈ ગણના કે સૂચી નથી અને આગળ આવનારાં દિવસો મહિનાઓ, વર્ષો કે પછી અસંખ્ય જન્મો સુધી આપણે આ જ કરતા રહીશું!

થોડુક વિચારીએ તો આપણને એ વાતનું જ્ઞાન થાય છે કે **આ એક યાત્રા છે.**

રખડવું ભટકવું, ફરવું અને યાત્રા આ શબ્દો આપણે ખૂબ સાંભળતા હોઈએ છીએ, પરંતુ આપણે તેનો ભેદ પારખી શકતા નથી. જે વ્યક્તિ લક્ષ્યનિર્ધારણ કરે છે અને તેની દિશા તરફ ચાલે છે તેને યાત્રા કહેવાય છે અને જે વ્યક્તિ પાસે કોઈ લક્ષ્ય નથી અને ચાલ્યો જાય છે તેને રખડવું, ભટકવું વગેરે કહેવાય છે. માટે **યાત્રા તો તેને જ કહી શકાય જે આપણને લક્ષ્ય સુધી લઈ જાય.**

આપણને મળેલ આ જીવન પણ એક યાત્રા છે અને આપણે જ નિર્ણય લેવાનો છે કે આપણે યાત્રા કરવી છે કે ભટકવું છે? તો આનો ઉત્તર બધા એ જ આપશે કે યાત્રા કરવી છે અને યાત્રા માટેનું લક્ષ્ય પણ એક જ હશે **ઈશ્વરપ્રાપ્તિ - મોક્ષપ્રાપ્તિ.** આ અંતિમ પડાવ છે જ્યાં બધા મનુષ્ય જવાની ઇચ્છા કરે છે.

મારા સારા કર્મોના ફળ સ્વરૂપે મને મળેલ આ મનુષ્ય જીવન કેવી રીતે જીવવું એ મારા હાથમાં છે. **આ જીવનને શ્રેષ્ઠ બનાવવા માટેના ઉપાયો, વિકલ્પો, સાધનો, સહાયકો મારે જ પ્રાપ્ત કરવા પડશે** અને તેનો ઉચિત ઉપયોગ કરવો પડશે. જ્યાં સુધી હું આને મારા જીવનમાં સ્થાન આપીશ ત્યાં સુધી મને સહયોગ મળતો જ રહેશે અને જ્યારે ત્યાગ કરીશ તો સહયોગ મળતો બંધ થશે. માટે આપણે જીવનમાં કેટલાક નિયમો અનુશાસન, સિદ્ધાંતોને અપનાવવા જ પડશે. જે જીવનને શ્રેષ્ઠ બનાવવાની સાથે-સાથે ધીરે ધીરે આપણને લક્ષ્ય સુધી લઈ જાય.

જો કોઈ વ્યક્તિને આપણે ઓળખવો હોય તો તેનું સ્વર્ણિમ સુત્ર છે... **તેની દિનચર્યા પૂછો! તમે સવારે ઊઠી અને રાત્રે સુવો ત્યાં સુધી શું શું કરો છો?** દિનચર્યાની માહિતીથી આપણે કોઈ પણ વ્યક્તિનો પરિચય મેળવી શકીશું. માટે **આપણી દિનચર્યા સુનિર્ધારિત હોવી જોઈએ. આ આપણું પ્રાથમિક કાર્ય છે.**

ખાવું, પીવું, નિદ્રા લેવી, સંતાનોત્પત્તિ અને ભય આ ગુણ પશુઓના છે. જો આપણું જીવન ઉપરોક્ત કાર્યોમાં જ વ્યતીત થઈ રહ્યું હોય તો આપણા અને પશુમાં સમાનતા છે. માટે જ વેદ કહે છે કે **मनुर्भव जनया दैव्यं जनम्।** અર્થાત્ મનુષ્ય બનો અને દેવત્વવાળા સંતાન ઉત્પન્ન કરો.

મનુષ્ય તેને જ કહેવાય જે કોઈપણ કાર્ય ચિંતન, મનન અને બુદ્ધિપૂર્વક કરે. અને દેવ તેને કહેવાય જે સંસાર માટે ઉપયોગી હોય, લાભ કરનાર હોય. એટલે કે **આપણે પહેલા મનુષ્યત્વ પ્રાપ્ત કરવાનું છે અને દેવત્વ પણ.** ત્યારબાદ આ સંસાર ને ઉપયોગી એવા સંતાનો આપવાના છે.

આપણું જીવન આપણે બે પ્રકારે જીવી રહ્યા છીએ. એક બાહ્યસ્વરૂપે અને બીજું આંતરિકસ્વરૂપે. માટે આપણા બાહ્ય અને આંતરિક બન્ને વ્યવહારો શ્રેષ્ઠ, શુદ્ધ, પવિત્ર હોવાં જોઈએ. આપણા બાહ્ય અને આંતરિક વ્યવહારોને શ્રેષ્ઠ બનાવવા માટે યોગદર્શનકાર મહર્ષિ પતંજલિ કહે છે કે...

**अहिंसासत्यास्तेब्रह्मचर्यापरिहग्रहा यमाः।** અર્થાત્ અહિંસા, સત્ય, અસ્તેય – ચોરી ન કરવી, બ્રહ્મચર્ય – ઈન્દ્રિયો પર સંયમ અને અપરિગ્રહ – સંગ્રહ ન કરવો. આ આપણા બાહ્ય વ્યવહારો માટે અપનાવવા અને આંતરિક વ્યવહારો માટે મહર્ષિ પતંજલિ કહે છે કે...

**शौचसन्तोषतपः स्वाध्यायेश्वरप्रणिधानानि नियमाः।** અર્થાત્ શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન આ નિયમો છે.

પરમપિતા પરમેશ્વરે આપણને સ્વતંત્રતા આપેલ છે. આપણે ઇચ્છીએ તેવું જીવન બનાવી શકીએ છીએ. **જેવી આપણને કર્મ કરવાની, બોલવાની, વ્યવહારની સ્વતંત્રતા છે એવી જ સ્વતંત્રતા બીજા મનુષ્યને પણ છે.** જ્યારે પણ આપણે બીજા વ્યકિત પાસેથી કામ કરી આપવાની આશા રાખીએ છીએ ત્યારે એ વાત સદૈવ યાદ રાખવી કે સામેવાળી વ્યક્તિ મારું કાર્ય કરી આપશે અથવા ન પણ કરે.

જો આપણું કાર્ય સામેવાળો વ્યક્તિ કરી આપે તો તેના પ્રત્યે કૃતજ્ઞતા પ્રકટ કરી ધન્યવાદ કહેવું અને જો ન કરે તો.. **कोई बात नहीं।** કહી બીજો વિકલ્પ

શોધવો. **જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી આપણા કાર્યો સ્વયં જ કરવા.** એટલે જ વિદ્વાનો કહે છે કે... **सर्वं परवशं दुःखम् , सर्वात्मवशं सुखम् ।** આપણી પ્રવૃત્તિ પ્રત્યેક મનુષ્યમાં ગુણ જોવાની હોવી જોઈએ, નહિ કે દોષ જોવાની.

જો આપણે કોઈ વ્યક્તિના દોષ જોતા રહીશું અને તેની જ વાતો કર્યા કરીશું તો સ્વાભાવિક છે કે આપણને તેના પ્રત્યે દ્વેષ ઉત્પન્ન થશે અને આપણા સંસ્કારો પણ દ્વેષભાવવાળા બનશે. માટે **બીજાના ગુણ જોવા અને આપણા દોષ જોવા.** પ્રથમ સ્વયંના દોષ જોવા અને જો કોઈ અવગુણ, દુર્વ્યસન દેખાય તો સ્વયં તેનું પ્રાયશ્ચિત કરી તેનો દંડ લેવો.

કારણ કે **दंड के बिना कोई सुधरता नहीं ।** જે વ્યક્તિ પોતાનાં દોષોને જોઈ તેનું પ્રાયશ્ચિત નથી કરતો, તેનો દંડ નથી લેતો, તેનો સુધાર થવો અસંભવ છે. **પહેલાં પોતાનામાં રહેલી ભૂલોને સુધારવી જોઈએ.**

આજે મોટા ભાગના લોકો સંસારની ચકાચોંધમાં રંગાયેલા જોવા મળે છે. સારી-સારી હોટલોમાં અવાર-નવાર જમવા જવું, સપ્તાહના અંતે બહાર ફરવા જવું, ખૂબ સારા પૈસા મેળવવા, અથાક પ્રયત્ન કરી તેના વૈભવનું-સાધનોનું પ્રદર્શન કરવું, મોડી રાત્રે સૂવું અને મોડી સવારે ઊઠવું, વ્યસનો, વ્યભિચાર, દુરાચાર વગેરેમાં ફસાયેલાં જોવા મળે છે.

જો અત્યધિક સંપત્તિને પ્રાપ્ત કરીને પણ જીવનમાં અશાંતિ, અતૃપ્તિ, અસંતોષ, અપ્રસન્નતા, દુઃખી, ભયભીત, ક્રોધી, દ્વેષભાવ વગેરે હોય તો આ સંપત્તિ વ્યર્થ છે. **સાચી સંપત્તિ એ જ છે કે જે જીવનમાં સુખ, શાંતિ, સંતોષ, સ્નેહ, કીર્તિ, યશ આપનાર હોય.**

સંસારના કોઈ પણ પદાર્થો આપણને શતપ્રતિશત અર્થાત્ પૂર્ણ સુખ આપી નથી શકતા. જો સાંસારિક પદાર્થોમાં ભોગ ભોગવવાનો પ્રયાસ કરતા રહીશું તો તે કયારેય આપણને તૃપ્ત નથી કરવાના. એટલે જ મહારાજા ભર્તૃહરિ કહે છે કે..

**भोगा न भुक्ता वयमेव भुक्ताः तपो न तप्तं वयमेव तप्ताः ।**

**कालो न यातो वयमेव याताः, तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ।।**

**અર્થાત્ આપણે સાંસારિક વિષય ભોગોનો ઉપભોગ ન કરી શકયા પરંતુ ભોગપ્રાપ્તિની ચિંતાએ આપણને ભોગ્યા. આપણે તપ ન કર્યું પણ તાપે આપણને જીવનભર તપાવ્યાં, ભોગ ભોગવતાં-ભોગવતાં આપણે કાળને નષ્ટ ન**

**અનુસંધાન પાનાં નંબર ૧૭ પર**

# જિજ્ઞાસા - સમાધાન

**જિજ્ઞાસાઃ-** 'પરોપકારી' અંક માર્ચ (બીજો) ૨૦૧૧ ઈ.માં પૃષ્ઠ સંખ્યા ૨૫ માં ઉલ્લેખિત શ્રી નંદકિશોર અને શ્રી ઉદયવીરસિંહની જિજ્ઞાસાઓનું સમાધાન કરતી વખતે તમે અમૈથુની સૃષ્ટિ ઉત્પત્તિ વિશે જણાવતા માત્ર ઈશ્વરીય સર્વશક્તિમતા પર પૂર્ણ આસ્થા બતાવી હતી. તમે સ્પષ્ટ રીતે એ અનુમાનોને અલગ કેમ કરી દીધા, જે કુરાન તથા બાઈબલમાં છે?

**સમાધાનઃ-** અમૈથુની સૃષ્ટિ નિશ્ચિતરૂપથી ઈશ્વરની સર્વશક્તિમત્તા પર જ આધારિત છે. આના સિવાય કોઈ અન્ય સંભાવના દેખાઈ રહી નથી. તમે કુરાન તથા બાઈબલની વાતોને પણ પુષ્ટ કરાવવા ઈચ્છો છો. તમારી વાતોથી એવું પ્રતીત થાય છે કે તમને કુરાન તથા બાઈબલનું ઠીક જ્ઞાન નથી. જ્ઞાન હોત તો આવું ન કહ્યું હોત. જુઓ, કુરાન તથા બાઈબલ પણ સૃષ્ટિ ઉત્પત્તિ કરવામાં ઈશ્વરને જ સર્વોપરી માને છે, પરંતુ કુરાન તથા બાઈબલમાં જે સૃષ્ટિ ઉત્પત્તિનું વર્ણન છે તે યુક્તિ, તર્ક તથા વેદ વિરુદ્ધ હોવાથી અમાન્ય છે. કુરાન, બાઈબલ, તૌરેતાદિ ગ્રંથોમાં એવી માન્યતા છે કે આ ધરતી પર માનવોત્પત્તિ આદમ અને તેની પત્ની હવાના રૂપમાં થઈ હતી. તૌરેત ઉ.પ. ૨ આ. ૭-૯ માં આદમને ધૂળથી ઉત્પન્ન થયેલ લખ્યું છે અને તૌ. ઉ.પ. ૨/આ. ૨૧,૨૨માં હવાની ઉત્પત્તિ આદમની એક પસલીથી થઈ લખ્યું છે. આ બંનેથી આગળ માનવ સૃષ્ટિ ચાલી એવી કુરાન, બાઈબલની માન્યતા છે. તેઓની આ વાતો વિચારણીય છે. તેમના અનુસાર તો સૃષ્ટિનો પ્રારંભ જ અનાચારથી થયો. કારણ કે, એક આદમ અને હવાથી જે છોકરા-છોકરીઓ થયા તેઓએ આગળ જઈને સંયુક્ત થઈ સંતાન ઉત્પત્તિ કરી તે અનાચાર થયો. કારણ કે, ભાઈ-બહેનનું સંયુક્ત થવું અનાચાર જ છે. માટે જે વૈદિક રીતિ છે કે ઈશ્વરીય સર્વશક્તિમત્તાથી અમૈથુની સૃષ્ટિમાં સહસ્રો નર-નારી ઉત્પન્ન થયા અને એનાથી માનવ સૃષ્ટિ આગળ ચાલી.

આજે પણ આ પૃથ્વી પર મનુષ્યોમાં ભિન્ન-ભિન્ન પ્રજાતિઓ મળી રહી છે, તેનાથી પણ જ્ઞાત થાય છે કે તેમની આદિ-ઉત્પત્તિ એક જોડીથી થઈ નથી પરંતુ અનેક જોડીઓથી થઈ છે. આ વાત આજે વિજ્ઞાન પણ સ્વીકાર કરે છે.

હવાની ઉત્પત્તિવાળી વાત પણ માત્ર કલ્પના છે કે તેને આદમની એક પસલીથી બનાવી. હવાને આદમની એક પસલીથી બનાવવાની શું આવશ્યકતા

હતી, જેમ આદમને બનાવ્યો તેમ તેને પણ બનાવી દેત, કારણ કે ઈશ્વર તો સર્વશક્તિમાન છે અને જો એક પસલીની બનાવી જ હતી તો આજે પણ બધી સ્ત્રીઓ એક પસલીવાળી કેમ નહિ? આવી-આવી કુરાન તથા બાઈબલની વાતો માત્ર કલ્પના જ છે, માટે તેના અનુમાનોને પૃથક કરી ઈશ્વરીય સર્વશક્તિમત્તા પર પૂર્ણતઃ આસ્થા બતાવી છે.

આગળ પણ સ્વામી વિદ્યાનંદજીના સત્યાર્થ ભાસ્કારથી લખીએ છીએ ''પુરુષનું વીર્ય સ્ત્રીના ગર્ભાશયમાં રજની સાથે મળી જવાથી ગર્ભ ઉત્પન્ન થાય છે, જો કોઈ પદાર્થવેતા તે તત્વોને ઠીક-ઠીક જાણી લે જે વીર્યમાં છે તો તે સ્વતંત્રરૂપથી વીર્ય બનાવી શકે છે. તે અવસ્થામાં પુરુષના વીર્યની આવશ્યકતા રહેતી નથી પરંતુ કોઈ પણ મનુષ્ય પૂર્ણ જ્ઞાની ન હોવાથી આવું કરી શકતો નથી. હાં, સર્વજ્ઞ, સર્વવ્યાપક તથા સર્વશક્તિમાન પરમેશ્વરના માટે આ કોઈ કઠીન કાર્ય નથી.'' આ માન્યતા યુક્તિયુકત છે. સર્વશક્તિમાન ઈશ્વરે આદિ સૃષ્ટિમાં પૃથ્વીના ગર્ભમાં પ્રાણીઓની સંરચના કરી ઉત્પન્ન કર્યા.

**જિજ્ઞાસાઃ-** પૌરાણિક કથનો પર અવિશ્વાસ કરવાના બધા વેદ પ્રમાણો સાથે જણાવો કે સૌથી પહેલા કોણ પુરુષ અને મહિલા સૃષ્ટિ ઉત્પત્તિ સમયે ઉત્પન્ન થયા. કેવી રીતે, ક્યાં, કોણ-કોણ, કેટલા ઉત્પન્ન થયા? આવું વર્ણન વેદોમાં ક્યાંય છે કે નહી? આકાશમાં આવવાની સંભાવના કેમ નથી?

**સમાધાનઃ-** પૌરાણિક કથનો પર અવિશ્વાસ એટલે કે તેના સૃષ્ટિ ઉત્પત્તિ વિષયક પરસ્પર વિરોધી કથન મિથ્યા પ્રલાપ સિવાય બીજું કંઈ નથી. તેના મિથ્યા પ્રલાપોનું થોડુંક દર્શન કરાવીએ છીએ. શિવ પુરાણમાં સૃષ્ટિ રચના વિષયમાં લખ્યું છે, શિવે એક જળાશય બનાવ્યું. જળાશયમાંથી એક કમળ ઉત્પન્ન થયું. તે કમળમાંથી બ્રહ્મા ઉત્પન્ન થયા. બ્રહ્માએ જળમાંથી અંજલી ભરીને છાંટી તો તેમાંથી એક પરપોટો થયો, તેનાથી એક પુરુષ વિષ્ણુ ઉત્પન્ન થયા. આ પુરુષે બ્રહ્માને કહ્યું કે હે પુત્ર! સૃષ્ટિ ઉત્પન્ન કરો. આના પર બ્રહ્માએ કહ્યું કે હું તારો પુત્ર નથી, તુ મારો પુત્ર છે. બંને એકબીજાને પુત્ર કહેવા લાગ્યા તો આ વાત પર યુદ્ધ શરૂ થઈ ગયું. મહાદેવે જેમ-તેમ કરીને યુદ્ધ બંધ કરાવ્યું અને પોતાની જટાઓમાંથી ભસ્મનો એક ગોળો બનાવીને આપ્યો અને કહ્યું કે આમાંથી સૃષ્ટિ બનાવો. બંનેએ રાખનો ગોળો બનાવ્યો અને સૃષ્ટિની રચના કરી. આ કલ્પના શિવપુરાણમાં લખી છે. કોણ બુદ્ધિમાન મનુષ્ય માનશે કે રાખમાંથી મનુષ્યાદિ સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે? જો રાખથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે તો મહાદેવનું શરીર શેમાંથી બન્યું? મહાદેવે જળાશય શેમાંથી ઉત્પન્ન કર્યુ? જળના આધારને કેવી રીતે બનાવ્યું? વગેરે અનેક પ્રશ્ન ઉત્પન્ન થશે જેનો ઉત્તર પુરાણવાદીઓની પાસે નથી.

હવે ભાગવત પુરાણની પોપલીલા જુઓ કેવી વિચિત્ર છે. ભાગવત પુરાણના તૃતીય સ્કંધમાં સૃષ્ટિ ઉત્પત્તિનું વર્ણન છે તેમાં લખ્યું છે કે વિષ્ણુની નાભિમાંથી કમળ, કમળમાંથી બ્રહ્મા, બ્રહ્માના જમણા પગના અંગૂઠાથી સ્વાયંભુવ અને ડાબા અંગૂઠાથી શતરૂપા રાણી ઉત્પન્ન થઈ. બ્રહ્માના લલાટથી રુદ્ર અને મરિચિ આદિ દશ પુત્ર, તેનાથી દક્ષ પ્રજાપતિની ઉત્પત્તિ થઈ. દક્ષની તેર દીકરીઓના વિવાહ કશ્યપ સાથે થયા. તેમાં દિતિથી દૈત્ય, દનુ થી દાનવ, વનિતાથી પક્ષી, કદ્રુથી સર્પ સરમાથી કુતે સ્થાલાદિ ઉત્પન્ન થયા. અને અન્ય સ્ત્રીઓથી હાથી, ઘોડા, ઊંટ, ભેંસ, ઘાસ, વૃક્ષાદિ ઉત્પન્ન થયા.

આ બધી વાતોથી જ્ઞાત થાય છે કે પુરાણોમાં સૃષ્ટિ ઉત્પત્તિ વિષયક કથન સમજ્યા વગર, વિચાર કર્યાં વગર લખવામાં આવ્યાં છે. કોઈ પણ વિચારશીલ ભક્ત આ વાતોનો સ્વીકાર કરી શકે નહી કે સ્ત્રીઓથી હાથી, ઘોડા, ગધેડો, વૃક્ષાદિ ઉત્પન થાય છે. માટે પુરાણોનું કથન સર્વથા અવિશ્વાસ કરવા યોગ્ય છે અને આ વિષયમાં વેદ અને ઋષિઓનું કથન સર્વથા વિશ્વાસ કરવા યોગ્ય છે.

સૃષ્ટિ ઉત્પત્તિ વિષયક મંત્ર વેદમાં અનેક છે જે વિજ્ઞાનને માન્ય છે. તેના માટે મુખ્યરૂપથી ઋગ્વેદનું નાસદીય સૂક્ત અને યજુર્વેદનો ૩૧મો પુરુષાધ્યાય દ્રષ્ટવ્ય છે. વિસ્તાર ભયથી તે મંત્રોનો અહીંયા ઉલ્લેખ લખી રહ્યા નથી.

સર્વપ્રથમ કોણ સ્ત્રી-પુરુષ ઉત્પત્તિ થયા તેને બતાવવામાં અમે અસમર્થ છીએ. તેની જાણકારી મળી શકી નથી. કોઈને જ્ઞાન હોય તો અવશ્ય જાણકારી પ્રદાન કરે. આમ પણ આપણે આપણી જ દસ - પંદર પેઢી પૂર્વના લોકોના નામાદિ જાણી શકતા નથી. (જેનો સત્ય ઈતિહાસ મળે છે તેને છોડીને) તો લગભગ ૧૯૬ કરોડ વર્ષ પૂર્વના લોકોના નામ આદિ કેવી રીતે જાણી શકીએ? તમે પૂછયું છે કે ઉત્પન્ન કેવી રીતે થયા? તેનો ઉત્તર જિજ્ઞાસા - સમાધાન ૧માં આપી દીધો છે. તમે જાણવા ઈચ્છો છો કે ક્યાં ઉત્પન્ન થયા? તો તેનો ઉત્તર મહર્ષિ દયાનંદના અનુસાર ત્રિવિષ્ટપ - તિબેટ ક્ષેત્રમાં ઉત્પન્ન થયા. કારણ કે એ જ ક્ષેત્ર બધાથી ઊંચું અને માનવોત્પત્તિને સર્વથા અનુકૂળ હતું. આજે પણ અનેક પાશ્ચાત્ય તથા ભારતીય વિદ્વાનો માનવોત્પત્તિનું સ્થાન હિમાલયને જ માને છે. કેટલા આવ્યા? તેનો ઉત્તર આપી ચુકયા છીએ કે યુક્તિથી જ્ઞાત થાય છે કે અનેક આવ્યાં (ઉત્પન્ન થયા) એમના આકાશથી આવવાની સંભાવના ઓછી એટલા માટે છે કેમ કે પૃથ્વી ઉપર રહેવા વાળા શરીરનું ઉપાદાન કારણ પૃથ્વી તત્વ છે. એટલા માટે અહીંના શરીર પાર્થિવ છે. પાર્થિવ હોવાનુ કારણ સૃષ્ટિના આરંભમા તેનું પૃથ્વીથી ઉત્પન્ન થવું યુક્તિયુક્ત છે.

# ગુજરાતનું ગતિશીલ આર્યસમાજ

## આર્યસમાજ - વઢવાણ

### ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ ટ્રેનર તાલીમ

યોગ કરો નિરોગ રહો. આર્યસમાજ વેદ મંદિર વઢવાણમાં અનેક નાના મોટા કાર્યક્રમો થતા રહે છે. જેમ કે શ્રાવણી પર્વ, મહિલા મંડળ દ્વારા આયોજિત કાર્યક્રમો, દિવાળી તેમજ સ્વામી દયાનંદ સરસ્વતીના નિર્વાણ દિવસ નિમિત્તે પ્રભાતફેરી અને યજ્ઞ વગેરે કાર્યક્રમો થતા રહે છે. આ શ્રૃંખાલામાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત યોગ ટ્રેનર તાલીમ સુરેન્દ્રનગર જિલ્લા પતંજલિ યોગ સમિતિ તેમજ વઢવાણ આર્યસમાજના સહયોગથી ૬૦થી વધારે લોકો આ ટ્રેનિંગમાં ભાગ લઈ રહ્યા છે. જેઓ યોગ કોચ નીતાબેન એચ. દેસાઈના માર્ગદર્શન હેઠળ તાલીમ લઈ રહ્યા છે. જેમને ભીખુબેન, ગીતાબેન, પં. આદિત્ય શાસ્ત્રી તેમજ આર્યસમાજના પદાધિકારીઓ સહયોગ આપી રહ્યા છે. તાલીમમાં યોગ, જોગિંગ, સૂર્યનમસ્કાર, આસન, પ્રાણાયામ મંત્રોચ્ચારણ તેમજ મંત્રોના ભાવ દ્વારા સંગઠનની ભાવના સાથે ફાયદા પણ કહેવામાં આવે છે. આ રીતે ચાલુ થયેલી તાલીમ તા. ૧૨/૧૨/૨૦૨૦ થી તા. ૧૨/૦૧/૨૦૨૧ સુધી ચાલશે. જેમા પરીક્ષામાં પાસ થનાર ટ્રેનરને ગુજરાત યોગ બોર્ડ દ્વારા પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવશે. આવી જ રીતે યુવાનો દ્વારા આર્યસમાજનું ભવિષ્ય ઉજ્જ્વળ બને તેવી આશા સાથે નમસ્તે.



# આર્યસમાજ - ભરુચ

**શ્રદ્ધાંજલિ**

આર્યસમાજ ભરૂચના મંત્રીશ્રી શ્રી નાથુભાઈ કેશવલાલ ડોડિયાનું કોરોનાને કારણે લગભગ ૭૮ વર્ષની ઉંમરે તારીખ ૭ ડિસેમ્બર ૨૦૨૦, સોમવારના રોજ સવારે દેહાવસાન થયું છે. તેઓ છેલ્લાં એક અઠવાડિયાથી ભરૂચ ખાતે હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. આજે નર્મદાના તટ પર તેમના દેહનો અંત્યેષ્ટિ સંસ્કાર વેદ મંત્રોના પાઠ સહિત કરવામાં આવ્યો.

શ્રી નાથુભાઈ ડોડિયાનું નામ તેમની સાહિત્યિક સેવાઓને કારણે ગુજરાતભરમાં જાણીતું હતું. તેમણે એમ્પ્લોયમેન્ટ ઓફિસર તરીકે સરકારી સેવામાં સંનિષ્ઠ અને ઉમદા કાર્ય કર્યું હતું. તેઓ શરૂઆતથી જ બુદ્ધિવાદી, સત્યશોધક અને સ્વાધ્યાયશીલ હતા.

તેમણે આર્યસસમાજનાં વૈદિક મંતવ્યોને જનતા સુધી લઈ જવા માટે વિવિધ વિષયો પર અનેક પુસ્તકો લખ્યાં અને સો ઉપરાંત પુસ્તકોનું ભરૂચ આર્યસમાજ દ્વારા પ્રકાશન કરીને ખૂબ જ ઓછી કિંમતે દૂર-સુદૂર પહોંચાડયા.

તેઓ વર્ષો સુધી 'ગુજરાત મિત્ર'માં ચિંતનીય વિષયો પર ચર્ચાપત્રો લખતા રહ્યા, જે પૈકી કેટલાક એક પુસ્તક રૂપે પણ પ્રકાશિત થયા.

તેમણે લખેલાં સમાજ સુધારણા પ્રેરક તથા અંધવિશ્વાસ, પાખંડો અને વહેમોનું નિકારણ કરતાં પુસ્તકો ખૂબ જ લોકપ્રિય થયા. વેદ, ઉપનિષદ્, મનુસ્મૃતિ, રામાયણ, ગીતા, વગેરે ગ્રંથોના ઉપદેશોને પ્રકટ કરતા તેમનાં પુસ્તકો અનેક જિજ્ઞાસુઓ દ્વારા આવકાર પામ્યાં.

તેમણે પોતાના ખર્ચે લાખો રૂપિયાનું વૈદિક સાહિત્ય લોકોને ભેટ ધર્યું છે.

શ્રી નાથુભાઈની સાહિત્ય સાધના આજીવન ચાલતી રહી. વિશ્વના પ્રથમ આર્યસમાજ એવા મુંબઈના કાકરવાડી આર્યસમાજે શ્રી નાથુભાઈની આ સેવાઓને ધ્યાનમાં લઈને વિશેષ સન્માન કર્યું. નાથુભાઈએ પોતાના કુટુંબમાં પણ વૈદિક સંસ્કારોનું સિંચન કર્યું છે.

શ્રી નાથુભાઈના જવાથી તેમના કુટુંબીજનોની તો વ્યક્તિગત હાનિ થઈ જ છે, પરંતુ આર્યસમાજે પણ પોતાનો એક કર્મઠ અને સમર્પિત સેવક ગુમાવ્યો છે. ન્યાયકારી અને દયાળુ પ્રભુ પોતાની ન્યાય વ્યવસ્થા અનુસાર તેમના આત્માનું જરૂર કલ્યાણ કરશે એ જ વિનમ્ર પ્રાર્થના સહ....

# भावपूर्ण श्रद्धांजली



जब कोई अपना हमें छोड कर इस दुनिया से चला जाता है, और अपने पीछे अपनी तमाम यादे छोड जाता है।

जन्म और मृत्यु एक चक्र हैं इस सृष्टि (प्रकृति) का, जो यहां जन्म लेता हैं, उसे एक ना एक दिन जाना ही होता है। यही नियम हैं सृष्टि का, और इस नियम से आज तक कोई नहीं बच पाया हैं। बडे से बडे सुरमा आये-गए लेकिन मृत्यु पर किसी ने विजय नहीं प्राप्त की। सभी ने इस मृत्यु को स्वीकारा। इस नियम के अधिन पद्मभूषण महाशय धर्मपालजी के मृत्यु ने आर्य जगत को स्तब्ध बनाया, आर्य जगत के लिए यह अपूर्णीय क्षति है। इस समय आर्य जगत में दानवीर के रुप में सुप्रसिद्ध महाशयजी अनेकों गुरुकुलों, आर्यसमाजों एवं अन्य वैदिक कार्यों के लिए यथा संभव निर्मल भावना से दान देते थे। महाशयजी सरल स्वभाव, धार्मिक, परोपकारी, देशप्रेमी, राष्ट्रभक्त, पुरुषार्थी, परिश्रमी, आत्मनिर्भर, मिलनसार, कोमलहृदय, ममतामयी, सहयोगी, विम्रता, धैर्यवान, यज्ञप्रेमी, तपस्वी, ऋषिभक्त, वैदिक धर्म पर आस्थावान, स्वामी दयानन्द के दिवाने थे। वैदिक सिद्धांतों का पालन जीवन पयर्न्त करते रहें।

परमपिता परमात्मा उनके कर्मानुसार अवश्य ही उत्तम नव जीवन एवं फल प्रदान करेंगे।

महाशय धर्मपालजी के जीवन में से त्याग, दान, सहयोग, राष्ट्रभक्ति, गौप्रेम की प्रेरणा लेते हुए गुजरात आर्य प्रतिनिधि सभा एवं समस्त आर्यसमाज गुजरात की और से विनम्र श्रद्धांजलि।

## વેદ પ્રવચન

પંડિત ગંગાપ્રસાદ ઉપાધ્યાય
અનુવાદક : નાથુભાઈ ડોડિયા

ગતાંકથી આગળ...

**ब्राह्मणोस्य मुखमासीद् बाहू राजन्य कृतः।**
**ऊरू तदस्य यद् वैश्यः पद्‌भ्यां शूद्रो अजायत॥**

અન્વય :- **अस्य मुखम् ब्राह्मणः आसीत्। अस्य बाहू राजन्यः कृतः। अस्य तद् ऊरू यद् वैश्यः। पद्‌भ्याम् शूद्र अजायत।**

અર્થ :- **(अस्य)** આ પુરુષનું **(मुखम्)** મુખ **(ब्राह्मणः)** બ્રાહ્મણ **(आसीत्)** થઈ ગયું. **(अस्य बाहू)** તેના બન્ને હાથ **(राजन्यः)** ક્ષત્રિય **(कृतः)** માની લેવામાં આવ્યા. **(तद् ऊरू)** તેની બન્ને જાંઘોને સમજો **(यद् वैश्यः)** જે વૈશ્ય છે. **(पद्‌भ्याम्)** તેના બન્ને પગોથી અર્થાત્ બન્ને પગોની કલ્પના ભાવના કે ઉપમાથી **(शूद्र अजायत)** શુદ્ર ઉત્પન્ન થયા.

અહીં બીજી ભૂલ એ થઈ કે વાક્યમાં જે ઉદેશ્ય હતો તેને વિધેય એટલે કે કહેવા કે કરવા યોગ્ય માની લેવામાં આવ્યું, વાક્ય હતું '**अस्य मुखं ब्राह्मण आसीत्**' અર્થાત્ માનવ સમાજરૂપી વિરાટ પુરુષનો જે મુખ્ય ભાગ હશે તેનું નામ અમે ''બ્રાહ્મણ'' રાખીશું વગેરે. પરંતુ આપણે તેનો અર્થ કર્યો કે બ્રાહ્મણ હશે તેને અમો સમાજનો મુખ્ય પુરુષ કહીશું. અહીં બન્નેની ભાવના બદલાઈ જાય છે. જે વૈદ્યનું કાર્ય કરવા યોગ્ય લાયકાત ધરાવતા હોય અને જે આ કાર્ય યોગ્યતાપૂર્વક કરી શકતા હોય તેને અમે વૈદ્ય કહીશું. આ ભાવના સુવ્યવસ્થાની સૂચક છે. જેનું નામ વૈદ્ય છે તેની પાસે અમે વૈદ્યનું કાર્ય કરાવીશું. આ ભાવના કુવ્યવસ્થિત સમાજની છે. વર્તમાન હિન્દુ સમાજની ભાવના પૂર્વકથિત નહિ, ઉત્તરકથિત છે. તેને લીધે હિન્દુ સમાજ વર્ણવ્યવસ્થાહીન છે અને કેટલાક સંપ્રદાયો પોતાની સ્વાર્થસિદ્ધિ માટે વર્ણધર્મ વર્ણધર્મની ઘોષણા કરે છે. તેઓ દુષિત વિચારોનો પ્રચાર કરે છે. જન્મથી વર્ણવ્યવસ્થા માનવામાં આ જ દોષ છે. સૌથી ભયંકર અને ઘાતક વાત તો એ છે કે ચાર વર્ણો પ્રજાપતિના ચાર અંગોથી ઉત્પન્ન થયા. અગિયારમાં અને બારમાં બન્ને મંત્રોના શબ્દો મેળવો અગિયારમાં મંત્રમાં પદોની સાથે '**उच्येत**' (પુકારવામાં આવે છે) ક્રિયા છે. આ જ ક્રિયા મુખ, બાહુ અને જાંઘની સાથે પણ લાગશે બારમાં

મંત્રમાં 'आसीत्, कृतः' આ બે ક્રિયાઓ છે. વૈશ્યની સાથે પણ 'आसीत्' જ લાગશે. ફક્ત ચોથી શુદ્રને સાથે 'अजायत' અને 'पंचम्यन्त पद्भ्यां' શબ્દ આવ્યા છે. અને પહેલા મંત્રના 'व्यकल्पयत' અને 'उच्येत' ની સાથે વાચવાથી સ્પષ્ટ સમજી શકાય છે કે જેમ મનુષ્ય માતાની યોનિ દ્વારા જન્મે છે એવો અર્થ ન થઈ શકે અને આ ભાવનાનો કોઈ બુદ્ધિગમ્ય આધાર પણ નથી. અહીં તો ઉદેશ્ય તો એવો છે કે મનુષ્યોની જુદીજુદી પ્રકૃતિઓ (ગુણ, કર્મ, અને સ્વભાવ) અને તેમાંથી દરેકનું પોતપોતાનું માનવ-સમાજરૂપી સ્વસ્થ શરીરના રક્ષણનું ઉત્તરદાયિત્વ ધ્યાનમાં રાખીને એવી વ્યવસ્થા કરવી આવશ્યક છે કે સંપૂર્ણરૂપે માનવ સમાજની ઉન્નતિ થતી રહે અને તેમાં કોઈ રોગ પ્રવેશ નહિ. તેની સૌથી ઉત્તમ ઉપમા શરીર કે પુરુષ જ આપી શકાય. આ ભાવના વ્યક્ત કરવા તેનાથી ઉત્તમ ઉપમા મળવી કઠિન હતી. રોમના ઈતિહાસની એક ઘટના છે એક વેળાએ રોમની સેનામાં વિદ્વેષની આગ ભડકી ઊઠી તેના નેતા (જેનું નામ માટે ભાગે માર્કસ વૈસ્પેનિયસ અગ્રિપા હતું) એ બધાંને બોલાવીને ઉપદેશ આપ્યો - 'ભાઈઓ! તમે બધા એક શરીર છો. શરીર ત્યારે જ ઉન્નતિ કરી શકે જ્યારે તમે બધાને પોતાના આ શરીરનું એક અંગ સમજીને એક - બીજાને પૂરક અને સહાયક બનશો.' આ ઉપમા સાંભળીને લોકો રાજી રાજી થઈ ગયા. તેઓએ આની પહેલા આવી ઉપમા સાંભળી ન હતી. પરંતુ વેદમાં તો આ ઉપમા ઘણા લાંબા સમયથી ચાલી આવે છે. ઈરાનના પ્રસિદ્ધ કવિ સાદી શીરાજીને કહ્યું છે 'બની આદમ આજાયે યહ દીગરન્દ' અર્થાત્ મનુષ્ય પરસ્પર એક બીજાના અંગ છે. અંગ કહેવાનો અર્થ એ જ કે તેઓ એકબીજાના પૂરક કે સહાયક છે. આંખ પોતે જ નથી જોતી પણ પગ અને હાથને જોવા યોગ્ય એટલે કે તેના કાર્યમાં સક્ષમ બનાવે છે. આંખોની મદદથી હાથ મીઠા ફળોને ચૂંટીને નીચે ઉતારે છે. તુલસીદાસે કહ્યું છે - 'ગિરા અનયન, નયન વિનુ વાણી' - વાણી નયનનું કામ કરે છે અને નયન વાણીનું કાર્ય કરે છે કારણ કે બન્ને એક જ પુરુષના અંગ અથવા પૂરક છે. કાવ્ય તેનું નામ છે જે વાણી અને નયન બન્ને મળીને કાવ્ય બનાવે છે અને જ્યાં આ સહયોગનો અભાવ છે ત્યાં કાવ્ય પણ નથી બનતું આવી રીતે વેદમંત્રનો સાચો અર્થ ન સમજવાને કારણે આપણા સમાજનું સુકાવ્ય કુકાવ્ય (ખરાબ કાવ્ય) બની ગયેલ છે.

આ વર્ણવ્યવસ્થા જેને ચાતુર્વણ્ય (ચાર વર્ણ) કહેવામાં આવે છે તે સ્વયં સિદ્ધ નહિ, પરંતુ સમાજ દ્વારા કલ્પિત અને સમાજ દ્વારા શાસિત છે. દરેક વ્યવસ્થાની આ જ સ્થિતિ હોય છે. સ્વયંસિદ્ધ વસ્તુને માટે ન બગાડવાનો ભય હોય છે, ન તેને સુધારવાની કે સંરક્ષણની ચિંતા હોય છે. સ્વયંસિદ્ધ ચીજ

માનવ - ચિંતાના કાર્યક્ષેત્રની બહારની વસ્તુ છે. મનુષ્યનું મસ્તક ખભાની ઉપર હોય છે આ સ્વયંસિદ્ધ વાત છે. કોઈ પણ તેમાં હસ્તક્ષેપ કરવા શક્તિમાન નથી અને નથી કોઈ તે અંગે ચિંતા કરતું. આથી વિપરિત મુખ-પ્રક્ષાલન (મુખ સાફ કરવાનું કાર્ય) માનવ કલ્પિત અને માનવ શાસિત વસ્તુ છે, આથી બાળપણથી જ તેનું શિક્ષણ આપવામાં આવે છે. આ રીતે જ્યાં સુધી માનવ-સમાજના વર્ગીકરણનો પ્રશ્ન છે, તે અંગે આ પહેલાના મંત્રમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે -

यत् पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयत्। ऋ. १०-९०-११

જયારે આ માનવ સમાજરૂપી 'પુરુષ' (Organisatijn) ની વ્યવસ્થા કરવામાં આવી તો 'कतिधा्', 'व्यकल्पयत्' વગેરે કેટલાંય વર્ગ કરવામાં આવ્યાં. આ સંકલ્પ કે કલ્પનાના બે લક્ષ્ય હતા. વ્યક્તિની રક્ષા અને સમષ્ટિની રક્ષા. વ્યક્તિના રક્ષણ માટે આજીવિકાની વ્યવસ્થાનો વિચાર કરવામાં આવ્યો અને સમષ્ટિના રક્ષણ માટે વ્યક્તિના કર્તવ્યનો નિર્ધાર કરવામાં આવ્યો. આ બન્ને ભાવનાના સમન્વયનું નામ વર્ણવ્યવસ્થા છે. આ સંબંધમાં ગીતાનો પ્રસિદ્ધ શ્લોક છે -

चातुर्वर्ण्यं मया सृष्ट गुणकर्मविभागशः।

અહીં 'श' પ્રત્યય ગુણ, કર્મ અને વિભાગ - ત્રણેયને માટે આપેલ છે અર્થાત્ ગુણશઃ, કર્મશઃ તથા વિભાગશઃ. ચાતુર્વણ્ય વ્યવસ્થાનું પ્રયોજન એ છે કે સમાજ દરેક વ્યક્તિના ગુણો (યોગ્યતા)નું નિરીક્ષણ કરે તેને અનુકૂળ તેના કર્મ (કર્તવ્ય) નક્કી કરે અર્થાત્ સમાજ પ્રેરણા અને આદર્શ દ્વારા તેની પાસેથી વધુમાં વધુ કામ લે અને તેના બદલે વિભાગ (જીવન-સાભનોનું વિભાજન) ની વ્યવસ્થા કરે. ઉત્તમ શાસન (સરકાર) એને કહીશું જેમાં પ્રત્યેક વ્યક્તિની યોગ્યતાની પરીક્ષા કરવામાં આવે છે અને આ યોગ્યતાનુસાર તેને સામાજિક સંગઠન અને સંરક્ષણનું કાર્ય સોંપવામાં આવે છે. આનું નામ છે પ્રજાનું પાલન પોષણ. આ પાલન પોષણ ફક્ત ક્ષત્રિય જ કરી નથી શકતો પણ આ પાલન પોષણમાં નાની મોટી બધી જ વ્યક્તિઓના હાથ છે. સમાજની ગાડી બધાં જ સાથે મળીને આગળ ચલાવે છે. આનું નામ જ સર્વતંત્ર શાસન-લોકશાહી છે. સરકારનું મુખ્ય કાર્ય તો એ છે કે સમાજની ઉન્નતિમાં બધાને જ ભાગીદાર બનાવવા અને તેની સાથે એ પણ જોવું જરૂરી છે કે કોઈ ભૂખે તો મરી રહ્યું નથી ને? શાસ્ત્રોમાં જ્યાં પણ વિધાન છે કે રાજાનું મુખ્ય કર્તવ્ય એ છે કે ચાતુર્વણ્યની યોગ્ય વ્યવસ્થા કરવી આનો અર્થ એવો નથી કે થોડાંક વેદમંત્રો સાંભળીને અથવા એકાદ લેખિત પરીક્ષા લઈને એ ઘોષણા કરવી કે તમે બ્રાહ્મણ વર્ણના છો તમારી આગળ શર્મા લખો, તમે ક્ષત્રિય વર્ણના છો તમને આગળ

વર્મા લખવાનો અધિકાર છે. તમે વૈશ્ય વર્ણના છો, તમને આગળ ગુપ્તા લખવાનો અધિકાર છે, રાજ્યે તમોને શુદ્ર પ્રમાણિત કર્યા છે, તમે નામની આગળ દાસ લખી શકો છો. ખરેખર આ વર્ણવ્યવસ્થા નથી પણ તેનો ગેર ઉપયોગ છે અને તેનાથી દ્વેષ અને ભેદભાવનું પ્રમાણ વધે છે. ખરેખર વૈદિક આદર્શ રાજ્યવ્યવસ્થા એ હશે કે જેમાં દરેક બ્રાહ્મણત્વની યોગ્યતા રાખનારનું બ્રાહ્મણના કર્તવ્યનું પાલન કરવાની તક મળે અને તે દ્વારા પોતાની આજીવિકા પ્રાપ્ત કરી શકે. આવી જ રીતે બીજાઓને પોતાના કર્તવ્યોની તક મળે અને તેમાંથી પોતાની આજીવિકા પ્રાપ્ત કરી શકે, કોઈ નકામો બેસી ન રહે, ન કોઈ ભૂખ્યો રહે, ન કોઈ પોતાના ગુણોનો દુરુપયોગ કરવાની પ્રેરણા પ્રાપ્ત કરે. આ પ્રકારની વર્ણવ્યવસ્થા કર્મ અને ફળ બન્નેનું ઉચિત પ્રમાણ નિર્ધારણ કરે છે. વર્ણવ્યવસ્થા કેવળ આધ્યાત્મિક પ્રશ્ન નથી, આર્થિક પ્રશ્ન પણ છે, આજીવિકાનો પણ પ્રશ્ન છે. આથી અહીં એક વાત સ્પષ્ટ થઈ જાય છે, જે કદાચ નવી લાગે પરંતુ વેદમંત્ર ઉપર વિચાર કરવાથી ઉચિત લાગે છે કે આ ચાતુર્વણ્ય વ્યવસ્થાનો સંબંધ ફક્ત ગૃહસ્થાશ્રમ સાથે જ છે કારણ કે ગૃહસ્થાશ્રમ જ માનવ સમાજનો મુખ્ય અને વ્યવહારિક ભાગ છે. મનુ મહારાજે પણ ગૃહસ્થાશ્રમને બધા આશ્રમોનો મૂળાધાર માન્યો છે. બીજા આશ્રમો ગૃહસ્થીના આશ્રિત છે. બ્રહ્મચર્ય આશ્રમમાં સમાજના ચાર વર્ણોનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. દરેક બાળકને પૂરી રીતે વિકાસ કરવાની તક મળવી જ જોઈએ. વર્ણ તો ગુણોની પરીક્ષા પછી જ નિશ્ચિત થઈ શકે. કાચા ફળોનું વર્ગીકરણ કેવી રીતે થઈ શકે? જે દેશમાં પિતાઓની પ્રતિષ્ઠા જોઈને બાળકોના શિક્ષણનો પ્રબંધ કરવામાં આવે તે દેશને ઉન્નત કહી ન શકાય. જ્યાં વેદ ભણવા માટે પૂર્વજોના ઈતિહાસ જોવા આવશ્યક હોય ત્યાં પક્ષપાત પણ અવશ્ય થશે અને ઘણાં બાળકો નાનપણમાં જ અયોગ્ય સિદ્ધ થઈ જશે. મધ્યકાલીન સંસ્કારો અને રીતરિવાજોમાં ડગલે અને પગલે વર્ગ ભેદના ચિહ્ન પ્રાપ્ત થાય છે. જે પ્રાચીન કાળમાં ન હતા અને તેણે તેમના સમયમાં સમાજને સારા એવા પ્રમાણમાં હાનિ પહોંચાડી છે. આ જ સંસ્કાર આપણને વારસામાં પ્રાપ્ત થયા છે. વાનપ્રસ્થી અને સંન્યાસીઓમાં ચાર વર્ણોનો ભેદભાવ હોવો વાજબી નથી જણાતો. બ્રાહ્મણ વાનપ્રસ્થી, ક્ષત્રિય વાનપ્રસ્થી, વૈશ્ય વાનપ્રસ્થી, શુદ્ર વાનપ્રસ્થી આવી જ રીતે બ્રાહ્મણ સંન્યાસી, ક્ષત્રિય સંન્યાસી, વૈશ્ય સંન્યાસી અને શુદ્ર સંન્યાસીનો શું અર્થ? આ બંને આશ્રમો વણભેદની ઉપર છે એટલે કે તેને વર્ણભેદ સાથે કોઈ આધારિત માનવા લાગ્યા ત્યારે સંન્યાસીઓમાં આ ભેદભાવ ઉત્પન્ન થયો. આવી જ રીતે સંપ્રદાયોની અપેક્ષાએ પણ સંન્યાસીઓનું

વર્ગીકરણ થયું. પુત્રેષણાના સ્થાને શિષ્યેણા, વિતેષણાને સ્થાને મઠેષણા અને લોકેષણા ઘટવાને બદલે વધી. આ છે સાંપ્રદાયિક દોડધામ જે હાલમાં સમાજના વાતાવરણતે દુષિત કરતી રહે છે. જો વાનપ્રસ્થીનું કાર્ય તપસ્યા અને સંન્યાસીનું કાર્ય ધર્મપ્રચાર છે તો પછી કયો સંન્યાસી કયા સંપ્રદાયનો છે તેવું કહેવાનો શું અર્થ? બધા વાનપ્રસ્થીઓ સત્યની શોધ કરે અને બધા સંન્યાસીઓ કોઈ પણ જાતના મતમતાંતરો ભેદભાવ વગર સર્વતંત્ર ધર્મની પ્રેરણા કરે તો સમાજરૂપી અંગો અને ઉપાંગો સુધરી શકે છે.

## અનુસંધાન પાના નં. ૬ પરથી

કરી શક્યા પરંતુ કાળે આપણને નષ્ટ કરી નાખ્યા. એવી જ રીતે ભોગપ્રાપ્તિની ઈચ્છા વૃદ્ધ ન થઈ પરંતુ આપણે વૃદ્ધ થઈ ગયાં.

આપણું જીવન એવી રીતે વ્યતીત થવું જોઈએ કે લોકો આપણને આપણા ગુણો, પરોપકારી કાર્યો, સદવ્યવહાર, પવિત્રતા, ન્યાયપૂર્ણ આચરણ અને દાનશીલતાના કારણે સદૈવ પોતાની સ્મૃતિમાં રાખે અને યથા અવસરે આપણાં દૃષ્ટાંતો આપે. આપણાં સ્વજન, સ્નેહી, મિત્રો, બધાં સાથેનો આપણો સંબંધ અનિત્ય છે, મૃત્યુ આવશે ત્યારે બધું જ છૂટી જશે. માટે આ જીવન એક યાત્રીની જેમ વીતાવવું જોઈએ. સાંસારિક સંબંધો અસ્થાયી અને અનિત્ય છે તે સમજી પ્રત્યેક વ્યવહાર કરવાં જોઈએ. ઉપનિષદ્કાર જીવનનો મર્મ સમજાવતાં કહે છે કે ...

**इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टि: ।**

અર્થાત જો આ જીવનમાં ઈશ્વરને ઓળખી લીધાં તો ઠીક છે. નહીં તો મહાવિનાશ છે.

<u>સૂચના</u>........

**આર્ય વૈદિક દર્શન માસિકમાં આવતા લેખો, મંતવ્યો વિશે આપના તરફથી સૂચનો અને અભિપ્રાયો આવકારીએ છીએ.**

# સ્વર્ણ પથ

સ્વામી જગદીશ્વરાનંદ

## દાન

**सहस्रहस्त सं किर ॥ (अथर्व. ३-२४-५)**

**(सहस्रहस्त)** હજાર હાથોથી **(संकिर)** વહેંચો, દાન કરો!

દાનની મહિમાનું વર્ણન કરતા એક કવિએ કેટલું સુંદર કહ્યું છે -

**दानेन भूतानि वशी भवन्ति दानेन वैराण्यपि यान्ति नाशम्**
**परोऽपि बन्धुत्वमुपैति दानैर्दानं हि सर्वव्यसनानि हन्ति ॥**

'દાનથી બધાં પ્રાણીઓ વશમાં થઈ જાય છે, દાનથી દુશ્મનાવટનો પણ નાશ થઈ જાય છે. દાનથી પારકા પણ પોતાના બની જાય છે. વધુ તો શું, દાન તમામ બુરાઈઓનો નાશ કરી દે છે.'

તમારા મિત્રોને મદદ કરો! જ્યારે બીજાને તમારા ધન અને સમયની જરૂરીયાત હોય ત્યારે ઉદારતાથી દો, સંકોચ ન કરો! ધનથી, પુસ્તકોથી અને અને બીજી વસ્તુઓથી તમારા સાથીઓને મદદ કરતા રહો! તમે જે જ્ઞાન મેળવ્યું છે તેનું દાન કરો! ઘટશે નહિ, પરંતુ વધશે. જો પ્રભુએ તમને ધન અને સંપત્તિ આપી છે તો તેને ગરીબોમાં વહેંચી દો! બીજાને દુઃખી જોઈને તમારું હૃદય પીગળવું જોઈએ.

એક પિતાએ પોતાના પુત્રને થોડાક રૂપિયા આપી ફળ લેવા માટે બજારમાં મોકલ્યો. રસ્તામાં તેણે જોયું કે કેટલાક લોકો, કે જેનાં શરીર પર વસ્ત્રો પણ પૂરતા નહોતા, ભૂખના માર્યા આમતેમ ગોથા મારી રહ્યા હતા. આ જોઈએ બાળકનું કોમળ હૃદય પીગળી ગયું. તેણે એ જ સમયે આ લોકોની ભૂખ દૂર કરવા ખાવા-પીવા માટેની વસ્તુઓ લીધી. બાળકને ખૂબ જ આનંદ થયો. તે મનમાં ને મનમાં મુસ્કરાતો ખાલી હાથે ઘેર પાછો ફર્યો. પિતાએ પૂછ્યું. " બેટા! ફળ ન લાવ્યો?"

પુત્રે કહ્યું, "પિતાજી! હું આપના માટે અમર-ફળ લઈ આવ્યો છું. મેં આપણા જેવા કેટલાક માણસોને ભૂખથી ટળવળતા જોયા. મારાથી ન રહેવાયું અને મેં તેઓની ભૂખ ભાંગવા બધા જ રૂપિયા ખર્ચ કરી નાખ્યા. તેઓની આજની ભૂખ તો શાંત થઈ ગઈ. આપણે ફળ ખાત તો આપણાં મોં થોડી વાર માટે મીઠા થાત, પરંતુ દાનનું ફળ તો અમર છે ને પિતાજી!"

પિતા પણ મોટા ધાર્મિક હતા. બાળકની આ વાત સાંભળી ખૂબ જ પ્રસન્ન થયા અને પુત્રને ભેટી પડયા. આ જ બાળક આગળ જતાં સંત રંગદાસ થયા.

તમે પણ આ વાતથી પ્રેરણા મેળવો અને તમારા જીવનમાં દાન કરવાની ભાવના જાગૃત કરો. દાન દેવામાં આનંદનો અનુભવ થાય છે. વિકટર હ્યુગો કહે છે -

"AS THE PURSE IS EMPTIED THE HEART IS FILLED"

જેમ-જેમ ધનની થેલી દાન કરવાથી ખાલી થતી જાય છે, તેમ-તેમ હૃદય ભરાતું જાય છે.

**"મનુષ્ય પાસે આપવા માટે કેટલું બધું છે! પ્રેમનો સાગર છે, સ્મિતનાં ફૂલ છે અને આ બંને માટે ખર્ચ કરવો પડતો નથી. તો ભાઈ! વિચારો છો શું? આપવાનું શરૂ કરો ! તમારી કયારી ના ફૂલ દિવસે દિવસે ખરી રહ્યા છે, જીર્ણ થઈ સડી રહ્યા છે. તેને વહેંચતા રહો! પોતે ખીલો અને બીજાને ખવડાવતા રહો!"**

## સમજો દયાનંદને

દયાનંદ મુસ્લિમ, ઈસાઈ, શીખ, પારસી આદિના વિરોધી ન હતા. તે વિરોધી હતા. અસત્ય, અધર્મ, અન્યાય, પાખંડ, અંધવિશ્વાસ-અંધશ્રદ્ધાનાં. તે ઈચ્છતા હતા કે વિશ્વનું કલ્યાણ થાય અને એક વ્યક્તિ કોઈનું કલ્યાણ ત્યારે જ ઈચ્છે છે જ્યારે તેને પોતાના માનતો હોય. અને પોતાનાનું કલ્યાણ ઈચ્છનાર પોતાનાની સાથે કેમ લડાઈ કરી શકે. તે તો પોતાના માટે લડશે.

(સ્વામી સ્વતંત્રાનંદજીની પ્રેરણાથી પં. રુચિરામ અરબ દેશોમાં વૈદિક ધર્મના પ્રચાર અર્થે સન્ ૧૯૨૯ થી ૧૯૩૫ સુધી સાત (૭) વર્ષ અરબ દેશોમાં અનેક કષ્ટો વેઠીને ફર્યા હતાં. તેમની યાત્રાનું વર્ણન ગુજરાતી અનુવાદ સાથે દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવે છે.)

# અરબમાં વૈદિક ધર્મનો પ્રચાર

પં. રુચિરામ આર્યોપદેશક

સ્મૃતિશેષ હસમુખરાય પરમાર

ગતાંકથી આગળ...

શેખ ઉસ્માનમાં આરબ શાસન કરતા હતા, પણ અદન અંગ્રેજો પાસે હતું. અદનના રહેવાસીઓ તો આરબો જ છે, પણ મોટું બંદર હોવાને કારણે અંગ્રેજોએ તેને પોતાની પાસે રાખ્યું હતું. અહીં અંગ્રેજી અને હિન્દી સેના પણ રહે છે. અદન બે વિસ્તારમાં આવેલું છે. એક તો અદનનું બંદર છે, જેને અંગ્રેજીમાં 'સ્ટીમર પોઈન્ટ' અને અરબીમાં 'તવાહી' કહે છે. બીજુ અદન શહેર છે, જે 'અદન કેમ્પ' ના નામથી જાણીતું છે. અહીં યુરોપ, ભારતવર્ષ, ઓસ્ટ્રેલિયા, અમેરીકા, ચીન, જાપાન અને આફ્રિકાથી જહાજો આવે છે. બધા દેશનો સામાન અહીં મળે છે અને તે પણ સસ્તા ભાવે. અમેરિકન કોંસલ (પ્રતિનિધિ) ઉપરાંત અન્ય રાજયોના પ્રતિનિધિઓએ પણ મારી પાસે પાસપોર્ટ ન માંગ્યો, જે લોકો જહાજમાંથી ઉતરે છે તેમના પાસપોર્ટ જોવામાં આવે છે. એક વાર એક ભારતીય અદનના અંગ્રેજી અધિકારી પાસે જઈને કહ્યું કે હું મુંબઈ પાછો જવા માગું છું અધિકારીએ જ્યારે પૂછયું કે પાસપોર્ટ કયા છે તો તેણે જણાવ્યું કે હું પાસપોર્ટ વગર જ અહીં સુધી ચાલીને આવ્યો છું. અધિકારીએ તેને કહ્યું કે તો પછી ચાલીને જ પાછા જતા રહો. મેં 'સ્ટીમર પોઈન્ટ' માં લગભગ બે સપ્તાહ સુધી પ્રચાર કર્યો અને આર્યસમાજની સ્થાપના કરી.

'અદન કેમ્પ' એક વિશાળ શહેર છે, જેના ચારેબાજુ ઊંચા-ઊંચા પર્વતો છે. એ પર્વતો હવાને રોકી લે છે તેથી ઉનાળાના દિવસોમાં અહીં રહેવું મુશ્કેલ રહે છે. અહીં મકકાથી પણ વધુ ગરમી પડે છે. ભારતનો રૂપિયો પણ અહીં ચાલે છે. અંગ્રજી શાળાઓ પણ ઘણી છે.

અદનમાં દરેક પ્રકારના લોકો મળે છે. આરબો તો ત્યાંના જ રહેવાસી છે. ભારતીય હિન્દુ, મુસલમાન, બોહરે શિયા અને યહૂદી બધા જ અહીં વસેલા છે. યુરોપ, જર્મની, અમેરિકા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, ચીન, જાપાન અને ભારતનો જે જોઈએ એ સામાન મળે છે. અદનમાં કંઈ જ પેદા થતું નથી. યમનથી જ લીલા શાકભાજી અને ફળો અહીં આવે છે.

અદનમાં એક મહીનો પ્રચાર કરી મેં યમન જવાનું નક્કી કર્યું અને મોટરથી શેખ ઉસ્માન ચાલ્યો ગયો. મારી ગેરહાજરીમાં પંડિત કનૈયાલાલજી આફ્રિકાથી અહીં આવ્યા હતા. પંડિતજીએ આર્યસમાજ અદન અને આર્યસમાજ સ્ટીમરમાં લગભગ એક મહીના સુધી વૈદિક ધર્મનો પ્રચાર કર્યો હતો. ત્યારબાદ તેઓ ભારત ચાલ્યા ગયા.

આ પુસ્તકનો છઠ્ઠો પરિચ્છેદ નવ માસ, દસ દિવસની યાત્રા સાથે સમાપ્ત થાય છે. હવે સાતમાં પરિચ્છેદમાં યમનની યાત્રાનું વર્ણન કરીશું.

## સાતમો પરિચ્છેદ

યમનમાં પ્રયાણ અને ભારતવર્ષમાં પુનરાગમન

### લહજ

શેખ ઉસ્માન પહોંચીને હું મોટરમાર્ગે બીજી દિવસે લહજ જઈ પહોંચ્યો. આ એક મોટું શહેર છે. અહીંનો બાદશાહ ફજલબિન અબ્દુલ કરીમ છે, જે અત્યંત ઉદાર, ન્યાયપ્રિય અને સજ્જન વ્યક્તિ છે. હું તેમના પરિવારના બધા સભ્યોને મળ્યો અને બધા જ મને ઘણા સજ્જન લાગ્યા.

સુલતાને મને વૈદિક ધર્મના પ્રચારની છૂટ આપી. એટલુ જ નહિ તેમણે હિંદુઓ માટે દરેક પ્રકારની છૂટ આપી. તેઓ જે ઈચ્છે તેનો બેધડક વેપાર વેપાર કરી શકે છે. શાહ મૌસૂફનો એક શેહજાદો અલી તો કાયમ મારી પાસે જ રહેતો હતો. કેમ કે તેના મન ઉપર મારા પ્રચારનો સારો પ્રભાવ પડયો હતો. કુરાનશરીફમાં લૂત જાતિના વિષયમાં જે વાતો લખેલી છે તે આરબોમાં જોવા મળે છે. જ્યારે કોઈ સજ્જન તેના વિષયમાં પૂછે છે તો તેઓ બેધડક જવાબ આપે છે કે અલ્લાહ પોતે કુરાનમાં લખી ગયા છે કે બહિશ્ત (સ્વર્ગ)માં હૂર અને ગિલમા મળશે. જો તે અહીં જ મળે તો તેમાં વાંધો શું? એ કૂરિવાજોની જવાબદારી કુરાનશ્રરીફની છે, જેમાં એવી વાતો લખેલી છે.

મારા પ્રચારથી બાદશાહ ખૂબ જ પ્રસન્ન હતા. અને તેમણે મને કહ્યું કે તમે કાયમ માટે અમારી શાહી શાળામાં હેડમાસ્તરનું કામ કરો, પણ મારે યમન જવું હતું. એટલે બે સપ્તાહ પ્રચાર કરીને ત્યાંથી રવાના થઈ ગયો.

### તઈજ અને જુબીદ તરફ પ્રયાણ

અહીંથી બે દિવસમાં ખંદક અને ત્યાંથી મુઆવિયા ગયો. અહીં સુલતાન લઈજનું રાજ્ય સમાપ્ત થઈને યમનની સીમા શરૂ થાય છે. હું અહીંથી એક દિવસે તઈજ પહોંચ્યો. આ પણ મોટું શહેર છે. તેની ફરતે દીવાલ બનાવેલી છે. હમામ યમામ યમનની સેના અહીં રહે છે.

અહીંના અલ અમીર (ડે. કમિશ્નર) અને આમિલ (મામલતદાર) સાહેબ મારા પર વિશેષ કૃપાળુ હતા. તેઓએ મને વૈદિક ધર્મના પ્રચારની આજ્ઞા અપાવી. મેં અહીં દસ દિવસ પ્રચાર કર્યો. ત્રણ દિવસની યાત્રા બાદ જુબીદ પહોંચ્યો.

આ એક ઐતિહાસિક નગર છે. તેમાં જવા માટે ચાર મોટા-મોટા પ્રવેશદ્વાર છે. જુબીદ વિદ્વાનોનું નગર છે. જ્યાં દૂરદૂરથી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે આવે છે. અહીં ઓછામાં ઓછા એકસો અલિમ (વિદ્વાન) રહે છે, જે પોતપોતાના ઘરમાં વિદ્યાર્થીઓને ભણાવે છે.

આખા યમનમાં અને ખાસ કરીને જુબીદમાં શિયાળાના દિવસોમાં એક બીમારી ફેલાઈ જાય છે જેનાથી કોઈક જ બચી શકે છે. યમનમાં મેલેરિયા તાવ પણ ખૂબ જ જોવા મળે છે. પાણી પણ એટલુ ખરાબ છે કે બહારથી આવેલો કોઈ વ્યક્તિ જો અહીં સતત બે વર્ષ રોકાય તો તેના વાળ સફેદ થઈ જાય છે.

જુવારની રોટલીનો અહીં રિવાજ છે. સવારે રોટલી કે ખજૂર ખાય છે. બપોરે પણ એ જ રોટલી અને ચોખા. ચોખા અહીં થતા નથી. ભારતથી આવે છે એટલે ફક્ત અમીર લોકો જ ખાઈ શકે છે. એક ગુણી ચોખા દસ રૂપિયાથી ઓછો કિંમતે મળી શકતા નથી. આખા યમનમાં ચાર વાગ્યા બાદ કોઈ ભોજન કરતુ નથી. રાતે જમવાથી લોકો બીમાર પડી જાય છે.

જુબીદમાં વાદળી (બ્લ્યુ) કપડા રંગવાના ઘણા કારખાના છે. અહીં આખા યમનના કપડા રંગવામાં આવે છે. કપડા રંગવાનું કાર્ય સૌથી પહેલા ભારતીયોએ શરૂ કર્યું હતું અને તેઓ હજુ ત્યાં વસેલા છે. અહીં જે આરબો 'અલહનૂદ' થી ઓળખાય છે, તેઓ બધા ભારતીયોના સંતાન છે. મેં અહીં બે સપ્તાહ સુધી પ્રચાર કર્યો.

## હુદૈદા તરફ પ્રયાણ

ત્યારબાદ હુસૈનિયા બૈત અલ ફિકીહ થઈને બે દિવસે હુદૈદા પહોંચ્યો. આ યમનનું એક મોટુ બંદર છે અને લાલ સમુદ્રના કિનારે વસેલું છે. અહીં ભારતના બોહરે મુસલમાન ઘણી સંખ્યામાં વેપાર-ધંધા કરે છે. કેટલાક હિન્દુઓ પણ વેપાર કરે છે. દસ દિવસ સુધી મેં અહીં વૈદિક ધર્મનો પ્રચાર કર્યો અને

આર્યસમાજ સ્થાપિત થઈ ગઈ.

હુદૈદાથી બૈત અલ ફિકીહ, જુબીર, તઈજ અને સનઆ ઉપરાંત બીજા કેટલાય મોટા શહેરોમાં તુર્કોના સમયથી તાર સેવા ચાલે છે. તાર હજુ સુધી તુર્કી ભાષામાં જ થાય છે. યમનના કોઈ પણ શહેરમાં શબ્દ દીઠ બે પૈસાના દરે તાર થઈ શકે છે. અહીં પણ મોસ્કો (રશિયા)ના લોકો વેપાર કરે છે. હુદૈદા બંદરે ઉતરતા જ પહેલી કોઠી તેમની આવે છે. તેઓએ હુદૈદાથી સનઆ સુધી કે જ્યાં બાદશાહ રહે છે ટેલિફોન લાઈન લગાવી છે. (ક્રમશઃ)

## સત્ય-અસત્યની પરીક્ષા

### સ્વામી દયાનંદ સરસ્વતી નિર્મિત વ્યવહાર ભાનુ

**પ્રશ્ન:** સત્ય અને અસત્યનો નિર્ણય કઈ રીતે થાય છે? કેમકે જેને એક મનુષ્ય સત્ય કહે છે તેને બીજો મિથ્યા કહે છે. એનો નિર્ણય કરવાના ક્યાં નિશ્ચિત સાધનો છે?

**ઉત્તર:** સાધનો પાંચ છે. એમાં પ્રથમ ઈશ્વરઃ એના ગુણ કર્મ સ્વભાવ અને વેદ. બીજું સૃષ્ટિક્રમ, ત્રીજું પ્રત્યક્ષાદિ આઠમું પ્રમાણ. ચોથું આપ્તોનો વ્યવહાર, ઉપદેશ, ગ્રંથ અને સિદ્ધાંત અને પાંચમું આત્માની સાક્ષી, અનુકૂળતા, જીજ્ઞાસુતા, પવિત્રતા અને વિજ્ઞાન. ઈશ્વરાદિથી પરીક્ષા કરેલી તે કહેવાય કે જે જે ઈશ્વર, ઈશ્વરના ન્યાય, દયાળુતા, પક્ષપાત રહિત, સૃષ્ટિ બનાવવાના કર્મ અને સત્ય અને ધર્મ ઠરે તે જ સત્ય અને ધર્મ, તથા અસત્ય અને અધર્મ ઠરે તે જ અસત્ય અને અધર્મ. જેમ કે કોઈ કહે કે કારણ કે કર્તા વિના કાર્ય હોય છે તે સર્વથા મિથ્યા જાણવું. એથી સિદ્ધિ થાય છે કે જે જે સૃષ્ટિની રચના કરનારો પદાર્થ છે તે ઈશ્વર અને તેના ગુણ, કર્મ, સ્વભાવ, વેદ અને સૃષ્ટિક્રમથી જ નિશ્ચિત થાય છે.

બીજો સૃષ્ટિક્રમ તેને કહે છે કે જે જે સૃષ્ટિક્રમ અર્થાત્ સૃષ્ટિના ગુણ, કર્મ એ સ્વભાવથી વિરુદ્ધ હોય તે મિથ્યા અને અનુકૂળ હોય તે સત્ય કહેવાય છે. જેમ કે કોઈ માબાપ વિના પુત્રજન્મ થવાનું, કાનથી જોવાનું, આંખથી સાંભળવાનું કહે તો તે સૃષ્ટિક્રમ વિરુદ્ધ છે. તેથી મિથ્યા છે. માતાપિતાથી પુત્રજન્મ થવાની, કાને સાંભળવાની અને આંખે જોવાની વાત કહે તો તે સૃષ્ટિક્રમ અનુકૂળ હોવાથી સત્ય જ છે. ત્રીજું પ્રત્યક્ષ આદિ આઠ પ્રમાણોથી જે સાચું ઠરે તે સાચું અને વિરુદ્ધ ઠરે તે મિથ્યા સમજવું કોઈએ કોઈને પૂછ્યું, 'આ શું છે?' બીજાએ કહ્યું, 'આ પૃથ્વી પ્રત્યક્ષ છે.' એને જોઈને અને કારણ નક્કી

તે અનુમાન, કારીગર વિના ઘર નથી બની શકતું, તેમજ સૃષ્ટિનો બનાવનાર ઈશ્વર પણ મોટો કારીગર છે. આ દૃષ્ટાંત ઉપમાન અને સત્યોપદૃષ્ટાનો ઉપદેશ તે શબ્દ તથા ભૂતકાલીન પુરુષોની ચેષ્ટા, સૃષ્ટિ, આદિ પદાર્થોની કથા તે ઐતિહ્ય. એક વાત સાંભળ્યા પછી સાંભળ્યા વિના બીજી વાત જાણી લેવી તે અર્થાપત્તિ, કારણથી કાર્ય થયું તે સંભવ અને આઠમું અભાવ. કોઈએ કોઈને કહ્યું 'પાણી લઈ આવ.' બીજાએ જળની અછત જાણી તર્કથી જાણવું કે જળ ક્યાં છે અને ત્યાંથી લાવીને આપવું તે અભાવ પ્રમાણ. આ આઠે પ્રમાણથી જે વિપરીત ન હોય તે સત્ય અને જે ઊલટું છે તે મિથ્યા છે. આપ્તજનના આચારથી અને સિદ્ધાંત પરીક્ષા તે કહેવાય કે જે જે સત્યવાદી, સત્યકારી, સત્યમાની, પક્ષપાત રહિત બધાના હિતેચ્છુ વિદ્વાન, બધાના સુખને માટે પ્રયત્ન કરે તે ધાર્મિક લોક આપ્ત કહેવાય છે. તેમના ઉપદેશ, આચાર, ગ્રંથ અને સિદ્ધાંત સાથે જે સુસંગત હોય તે સત્ય અને વિપરીત હોય તે મિથ્યા છે. આત્માની પરીક્ષા એટલે કે જેને પોતાનો આત્મા પોતાને માટે જે જે ઇચ્છે તે બધાને માટે ઇચ્છવું અને જે આપણે પોતાને માટે ઇચ્છતા ન હોઈએ તે બીજા કોઈને માટે ઇચ્છવું નહીં. જેવું આત્મામાં તેવું મનમાં, જેવું મનમાં તેવું ક્રિયામાં હોવાનું જાણવા-જણાવવાની ઇચ્છા, શુદ્ધભાવ અને વિદ્યારૂપી આંખોથી સત્ય અને અસત્યનો નિર્ણય કરવો જોઈએ. આ પાંચ પરીક્ષાઓથી ભણનાર તથા ભણાવનારા તથા બધા મનુષ્યો સત્યાસત્યનો નિર્ણય કરી ધર્મનું ગ્રહણ કરે-કરાવે અને અધર્મનો પરિત્યાગ કરે-કરાવે.

**પ્રશ્ન :-** ધર્મ અને અધર્મ કોને કહે છે?

**ઉત્તર :-** જે પક્ષપાતરહિત, ન્યાય, સત્યગ્રહણ, અસત્યનો પરિત્યાગ, પાંચે પરીક્ષાને અનુરૂપ આચરણ, ઈશ્વરની આજ્ઞાનું પાલન-પરોપકાર કરે તે ધર્મ અને એથી વિપરીત વર્તન અધર્મ કહેવાય છે. કેમ કે બધાથી વિરુદ્ધ ન હોય તે ધર્મ અને પરસ્પર વિરોધી આચરણ હોય તે અધર્મ કેમ ન કહેવાય? કોઈકને પૂછયું કે સત્ય શું છે?

બીજાએ જવાબ આપ્યો, 'હું માનું છું તે.'

'ત્યારે તે જે માને છે અથવા હું જે માનું છું તે શું છે?

'તે અધર્મ છે.'

આમ પક્ષપાતથી મિથ્યા અને વિરુદ્ધાચાર તે અધર્મ.

જ્યારે ત્રીજાએ આ બંનેને પૂછયું, 'સત્ય બોલવું ધર્મ છે કે અધર્મ?' ત્યારે બંને બોલો ઊઠયા, 'સત્ય બોલવું ધર્મ અને અસત્ય બોલવું અધર્મ છે.'

એનું જ નામ ધર્મ. પણ પાંચ પરીક્ષાની યુક્તિથી સત્ય અને અસત્યનો નિર્ણય કરવો જોઈએ.

**પ્રશ્ન:-** સભા આદિ સ્થળે શી રીતે વર્તવું?

**ઉત્તર:-** સભામાં જતાં પહેલાં નિશ્ચય કરવો કે હું સત્યને જ જીતાડીશ અને અસત્યને હરાવીશ. અભિમાન રાખવું નહિ, પોતાને મોટો માનવો નહિ. પોતાની વાત કોઈ કાપી નાખે તો તેના પર ગુસ્સે કે નારાજ થવું નહિ. જે કોઈ કહે તે ધ્યાન દઈ સાંભળવું. તેમાં જે કંઈ અસત્ય હોય તેનું ખંડન જરૂર કરવું પણ જે સત્ય હોય તે આનંદથી સ્વીકારવું. એમાં નાનામોટાનો ભેદ ન ગણવો. વ્યર્થ બકવાસ ન કરવો. કદી અસત્યનો પક્ષ ન કરવો અને સત્યનો ત્યાગ કરવો નહિ. એવી રીતે ઊઠવું કે જેથી કોઈને ખોટું ન લાગે. બધાના હિતની ઉપર દૃષ્ટિ રાખવી. જેથી સત્યની વૃદ્ધિ થાય અને અસત્યનો નાશ થાય. સજ્જનોની સોબત કરવી અને દુષ્ટોનો ત્યાગ કરવો. જે જે પ્રતિજ્ઞા લેવાય તે સત્યથી વિરુદ્ધ ન હોય અને તેને સંપૂર્ણ રીતે પાર પાડવી વગેરે કાર્ય સર્વ સભા આદિ સ્થળે કરવા.

**જે ક્રિયાથી શરીર, મન અને આત્મા ઉત્તમ બને તેને સંસ્કાર કહે છે. કોઈ વસ્તુના જૂના સ્વરૂપમાં ફેરફાર કરીને તેને નવું સ્વરૂપ આપે તે સંસ્કાર છે. જેવી રીતે સોની અશુદ્ધ સોનાને અગ્નિમાં તપાવીને શુદ્ધ કરે છે, તેવી રીતે જે વૈદિક સંસ્કૃતિમાં ઉત્પન્ન થનાર બાળકને સંસ્કારોની ભઠ્ઠીમાં નાખીને, તેના દુર્ગુણોને બહાર કાઢીને, તેમાં સદ્‌ગુણોને ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવે છે, આ પ્રયત્નને સંસ્કાર કહે છે.**

**સંસ્કારવિધિઃ પુસ્તકમાંથી સાભાર.....**

## ઘનઘોર જંગલમાં...

પ્રવક્તા : મહાત્મા આનંદ સ્વામી
અનુવાદક : દયાલ આર્ય

પ્રથમ દિવસ

ગતાંકથી આગળ....

### * બીજો દિવસ *

ओ३म् त्वं हिन: पिता वसो त्वं माता शतक्रतो बभूविथ। अधाते सुम्नमीमहे ।।

સત્સંગ પછી હૃદયને શુદ્ધ બનાવવાનું બીજું સાધન તપ છે. વેદ વદે છે, શાસ્ત્રો પોકારે છે, ઋષિ-મહર્ષિઓ પોતાના પ્રચંડ ધ્વનિ સાથે લલકારે છે કે "ઊંચા ઊઠવાની, આગળ ધપવાની, નવજીવન અને જયોતિ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો તપસ્વી બન."

अतप्ततनुर्न तदामो अश्नुते ।। ऋ.९/८३/१

જેણે પોતાનું શરીર દુઃખની ભઠ્ઠીમાં જલાવ્યું નથી, તપ દ્વારા તપાવ્યું નથી તેને ક્યારેય પણ સુખ પ્રાપ્ત થવાનું નથી. તેને માટે સુખ આકાશકુસુમવત્ છે. કોઈ વ્યક્તિ કહે કે વ્યાયામ કરવાની તકલીફ કોણ વેઠે? યાત્રા કરવી, યોગાસન કરવાનું અને પર્વતોની કંદરાઓમાં ભટકવાનું જોખમ કોણ ખેડે? જે આવું વિચારતા હશે તે યાદ રાખો! તેમનું શરીર રોગોનું ભયંકર નરક બની જશે. તપ વિના શરીરના દુઃખનો નાશ કરવો એ આકાશપાતાળ એક કરવા જેવું સમજવાનું છે. તેવી જ રીતે પાપનો નાશ પણ દુર્લભ છે તેથી જ તો મનુ મહારાજે ઉદ્‌બોધન કરેલ છે :-

तपसा किल्बिषं हन्ति ।

તપથી પાપનો નાશ થઈ જાય છે.

તપના પણ ત્રણ પ્રકાર છે - શારીરક, માનસિક અને વાચિક. શારીરિક તપના સંબંધમાં ભગવાન કૃષ્ણે જે કહ્યું છે તે હું તમોને સંભળાવી રહ્યો હતો. પરંતુ તે શારીરિક તપ પહેલાં એક બીજી વાત પણ સાંભળી લો. ગઈકાલે મેં યજ્ઞની મહિમા બતાવતી વખતે યજુર્વેદના એક મંત્રની ચર્ચા કરી હતી -

**कस्त्वा विमुञ्चति स त्वा विमुञ्चति कस्मै त्वा विमुञ्चति, तस्मै त्वा विमुञ्चति ।।**

આ મંત્રનો પહેલો ભાગ જ સંભળાવ્યો અને પહેલા ભાગનો જ અર્થ બતાવ્યો ત્યારે એક સજ્જને કહ્યું કે પૂરો મંત્ર સંભાળાવીને પૂરો અર્થ બતાવો. માટે પ્રથમ તે ભાઈના પ્રશ્નનું સમાધાન કરું છું. આ રહ્યો એ પૂરો મંત્ર -

कस्त्वा विमुञ्चति स त्वा विमुञ्चति कस्मै त्वा विमुञ्चति, तस्मै त्वा विमुञ्चति पोषाय रक्षसां भागोऽसि ।। ऋ. २/२३

"યજ્ઞનું સુખ ઈચ્છનાર એવો કોણ અધિષ્ઠાતા છે કે જે યજ્ઞને છોડી દે છે? અર્થાત્ કોઈ છોડતું નથી અને જે કોઈ યજ્ઞને છોડી દે છે તેને યજ્ઞનું પાલન કરનાર પરમેશ્વર છોડી દે છે અને વળી યજ્ઞ કરનાર દરેક પદાર્થો અગ્નિને સમર્પિત કરી દે છે તે દરેકના સુખ માટે તેમ કરે છે અને જે દરેકના સુખ માટે તેમ નથી કરતો, દરેકના હિતનું ચિંતન નથી કરતો તે રાક્ષસથી પણ ખરાબ છે."

તેનો ભાવાર્થ કહેતી વેળા મહર્ષિ લખે છે કે.... પરંતુ આ લાઉડ સ્પીકર શું કહે છે? (વસ્તુતઃ લાઉડ સ્પીકર ખરાબ હતું. વારંવર તેમાંથી તીણો જેવો અવાજ આવતો હતો. સ્વામીજીએ હસતાં હસતાં કહ્યું:-)

આ તો બહુ જ રડે છે. શું આ બિચારાનો કાંઈ ઉપાય ન થઈ શકે? (મિસ્ત્રી મહોદયે બેટરીનો ઉપાય કર્યો. ઘોંઘાટ થોડો ઓછો થયો. સ્વામીજી હસતા હસતા બોલ્યા:-) હવે તેનું રડવાનું થોડું ઓછું થયું. પરંતુ તેના માટે હું થોભી શકતો નથી. તમે લોકો લાઉડ સ્પીકર વિના જ સાંભળો.

મહર્ષિ કહે છે કે, "જે મનુષ્ય ઈશ્વરના પવિત્ર કાર્યને, તેની આજ્ઞાને છોડી દે છે તેને અર્થાત આજ્ઞા ઉથાપનારને કોઈ પણ જાતનું સુખ મળતું નથી. કોઈ પૂછે છે કે જે ઈશ્વરની આજ્ઞાને, તેણે બતાવેલા રાહને છોડી દે છે તેને માટે શું પરિણામ પ્રગટ થાય છે? તેનો જવાબ મળે છે કે જે એવું કાર્ય કરે છે, જે દરેકના હિત માટે યજ્ઞ કરતો નથી, તો તેણે યજ્ઞમાં અર્પણ કરેલો પદાર્થ રાક્ષસ વૃત્તિને પેદા કરે છે.

હવે આપણે ફરી મૂળ વિષય ઉપર આવીએ. ભગવાન કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે-

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ।।

આપણે જોયું કે દેવતા, દ્વિજ, ગુરુ અને પ્રાજ્ઞ શું છે? તેની પૂજાથી શારીરિક તપ કેવી રીતે થાય છે? અને આપણે એ પણ જોઈ ગયા કે શૌચ અને નમ્રતા શા માટે જરૂરી છે.

મહર્ષિ સ્વામી દયાનંદ પોતાના ગુરુને માટે યમુના નદીની વચ્ચે જઈ પાણી ભરીને લાવતા હતા અને તેઓને નવડાવતા હતા. આવી રીતે સેવા કરતા હતા.

શ્લોકના આગળના ભાગમાં બ્રહ્મચર્ય અને અહિંસાનું વર્ણન છે. પ્રથમ વાતો વિદ્યમાન હોય અને તેમાં આ બંને બ્રહ્મચર્ય અને અહિંસાની વાતોનો સુમેળ સધાય તો તે શારીરિક તપને પૂર્ણતાએ પહોંચાડે છે. બ્રહ્મચર્યનો એક અર્થ છે જે કંઈ ખાધુંપીધું છે તેનું જે સત્વ ખેંચવામાં આવે છે તેને સંભાળીને રાખવું. બીજો અર્થ છે કે બ્રહ્મમાં વિચરવું, હરઘડી, હરસમય પોતાને પરમાત્માના ખોળામાં છે તેવો અનુભવ કરવો અને અહિંસાનો અર્થ કોઈને શરીર દ્વારા નુકસાન પહોંચાડવું નહીં.

એ શ્લોકના આગળના ભાગમાં વાણીના તપની વાત કહેવામાં આવી છે. એમાં સ્વાધ્યાયની વાત હું તમારી સમક્ષ હમણાં જ કહું છું. આપણાં શાસ્ત્રોએ સ્વાધ્યાયના મહિમાના ખૂબ જ ગુણગાન ગાયા છે. વેદ, ઉપનિદષદ્ અને અન્ય શ્રેષ્ઠ ગ્રંથોને દરરોજ વાંચવા એ સ્વાધ્યાયના અર્થમાં આવે છે. થોડું વંચાય અથવા વધારે વંચાય પરંતુ વાંચવું જરૂર. વાંચવું અને વાંચ્યા ઉપર વિચાર કરવો એ સ્વાધ્યાય છે.

શથપથ બ્રાહ્મણનો તો એ વિશ્વાસ છે કે જે વ્યક્તિ દરરોજ સ્વાધ્યાય કરે છે તે પોતાનો વૈદ્ય બની જાય છે. પોતાનો નેતા પોતે જ બની જાય છે અને છે અને પોતાની મુંઝવણોનો નિકાલ જાતે જ કરી શકે છે અને એનુ જ નામ જીવન છે. જેને મેં ''ઘનઘોર જંગલ'' કહ્યું હતું, તેમાં કેટલીક વાર આંધીઓ ઊઠતી દેખાય છે, ઝંઝાવાતોનાં ઝાપટાં નજરે ચડે છે, ભયંકર તોફાનની ડમરીઓ ચડી આવે છે, ક્યાંય રસ્તો સૂઝતો નથી, પ્રકાશના દર્શન થતા નથી. એમ દેખાય છે કે જાણે કોઈ દુર્ગની અડીખમ અને તોતીંગ દીવાલ સામે ખડી થઈ ગઈ છે. તેને ઓળંગવી અસંભવ છે, પરંતુ જે વ્યક્તિ દરરોજ સ્વાધ્યાય કરે છે તેને માટે એ માર્ગ પોતાની મેળે ખૂલી જાય છે. તેને માટે સામે આવેલી રુકાવટો, હવાના એક ઝપાટાથી ઊડી જતા તણખલાની માફક ક્યાંય દૂર ફેંકાઈ જાય છે.

વિષ્ણુપુરાણમાં સ્વાધ્યાયનો મહિમા ખૂબ જ સુંદર શબ્દોમાં ગાવામાં આવ્યો છે. તેમાં એક કથા આવે છે કે મૈત્રેયે મહર્ષિ પરાશરને પૂછ્યું, ''નગ્ન કોણ છે?''

કહેવા માટે તો આ વાત સાધારણ જણાય છે કારણ કે મહર્ષિ પરાશર કહી શકતા હતા કે જેણે કપડાં પહેર્યા નથી તે નગ્ન છે. પરંતુ મૈત્રેયના પ્રશ્નમાં રહસ્ય હતું. તેને મહર્ષિ સમજયા અને તેવો જ ઉત્તર આપ્યો.

મૈત્રેયે પૂછ્યું -

**को नग्नः किं समाचारो नग्न संज्ञा नरो लभेत्।**

**नग्नस्वरूपमिच्छामि यथावत् कथितं त्वया ।।**

હે મહારાજ! નગ્ન કોણ છે? આચરણથી મનુષ્ય "નગ્ન" છે એવું ક્હેવામાં આવે છે? મને એ "નગ્નરૂપ" જાણવાની ઇચ્છા છે આપ મને એ સારી રીતે સમજાવીને કહો.

**ऋग्यजुस्सामसंज्ञेयं त्रयी वर्णावृतिर्द्विज।**

**तामुज्झति यो मोहात्स नग्नः पातकी द्विजः ।।**

**त्रयी समस्त वर्णानां द्विज संवरणं न यतः।**

**नग्नो भवत्युज्झितायामस्तस्यां न संशयः ।।**

ઋગ્, યજુ અને સામ આ ત્રયી વિદ્યા છે અને એ જ ત્રણે વર્ણોને ઓઢવા માટેનું કપડું છે. એ વિદ્યાને કારણે જ ત્રણેય વર્ણો ઢંકાયેલા રહે છે, આદર પામે છે અને એ ત્રણેય વર્ણમાંનો કોઈ વ્યક્તિ આ ત્રયી વિદ્યાથી વિમુખ થઈ જાય છે ત્યારે તેને છોડી દે છે અને તે પાપી વ્યક્તિને 'નગ્ન' છે તેમ કહેવામાં આવે છે. આ વાત ખરેખર સાચી જ છે તેમાં સંશયને સ્થાન નથી.

ત્યારબાદ મહર્ષિ પરાશરે મૈત્રેયને એક વાત સંભળાવી. જે ઘણાં વર્ષો પૂર્વે મહર્ષિ વસિષ્ઠે ભીષ્મને કહી હતી. વસિષ્ઠે કહ્યું, એકવાર દેવો અને દાનવોનું બહુ જ મોટું યુદ્ધ થયું. એ યુદ્ધ ઘણાં વર્ષો સુધી ચાલ્યું. અંતમાં દેવ લોકો હારી ગયા અને દાનવોની જીત થઈ. ત્યારે દેવતાઓ ખૂબ દુઃખી થઈને એક 'ડેપ્યૂટેશન' બનાવીને વિષ્ણુ મહારાજ પાસે જઈને બોલ્યા, "મહારાજ! અમે હારી ગયા અને દૈત્યો જીતી ગયા. કોઈ એવો ઉપાય બતાવો કે તેઓ હારી જાય અને અમારી જીત થઈ જાય."

વિષ્ણુ મહારાજે પૂછ્યું, "હે દેવતાઓ! દૈત્યોનો વિજય થયો તેનું કારણ શું છે?"

દેવતાઓએ કહ્યું, "દૈત્ય લોકો સત્ય ધર્મને માનનારા છે, વેદમાર્ગ પર ચાલનારા છે અને તપ કરે છે માટે તેનો વિજય થયો છે. હવે કોઈ ઉપાય બતાવો કે તેઓ હારી જાય અને અમારો વિજય થઈ જાય."

વિષ્ણુ મહારાજે કહ્યું, "તેનો હવે એક જ ઉપાય છે કે દૈત્યોમાં મોહમાયા ઉત્પન્ન કરવામાં આવે. મારી માયામાં ફસાઈને તેઓ વેદમાર્ગને ભૂલી જાય. તેના ભૂલવાથી જ તેમનો સર્વનાશ થઈ જશે."

દેવતાઓએ પૂછ્યું, "એ માયા અને મોહ તેમનામાં કેવી રીતે પેદા થઈ શકે?"

વિષ્ણુ મહારાજે કહ્યું, "હું તેની વ્યવસ્થા કરું છું. એક એવી વસ્તુ બનાવું છું કે જે તેમને મોહિત કરી નાખે."

ક્રમશઃ ......

# :: બાળ વિભાગ ::




ગતાંકથી આગળ...

**મહાન સમાજ સુધારક**
**મહર્ષિ દયાનંદનું જીવન ચરિત્ર**


લેખક - ચિત્રાંકન
ભારત મકવાણા

અનુવાદક
ડૉ. સદ્ગુણા આર્યા

પ્રથમસ્વાધીનતા સંગ્રામફક્ત અખિલ ભારતીયજ ન હતો પરંતુ એમાં ભારતના સનાતન, શિખ અને ઈસ્લામજેવા પ્રમુખ મતો અને જુદા-જુદા પંથોનો અદ્ભુત સંગમહતો.



## માણસ-માણસ એક સમાન



# વેદ પ્રાર્થના

गयस्फानो अमीवहा वसुवित्पुष्टिवर्द्धनः
सुमित्रः सोम नो भव ।। ऋग्वेद १/६/२१/१२

શબ્દાર્થ : **गयस्फानो** ઈશ્વર ધન સંપત્તિને વધારનાર છે, **अमीवहा** તે શારીરિક, માનસિક ઈન્દ્રિય-જન્ય સમસ્ત રોગોને દૂર કરનાર છે, **वसुवि** તે સર્વવ્યાપક તથા સર્વજ્ઞ છે, **पुष्टिवर्द्धन** શરીર, આત્માની પુષ્ટિ કરનારા છે, **सोम** હે પરમ ઐશ્વર્યવાન ઈશ્વર! **नः** આપ અમારા **सुमित्रः** પરમ મિત્ર, **भव** બની જાઓ.

BOOK-POST

RNI Registration No. Guj/Guj/2015/63289
Posted at Rajkot - HO no 6th of every Months
Postal Regd. No. Rajkot / 672 / 2018-2020

**પ્રેષક :**
**આર્ય વૈદિક દર્શન**
**આર્યસમાજ – ટંકારા,**
**પિનઃ ૩૬૩૬૫૦ , જિ. મોરબી.**

प्रति,

Publisher and Printer SURESHCHANDRA B. AGRAWAL on behalf of GUJARAT PRANTIYA ARYA PRATINIDHI SABHA Published at ARYA VEDIC DARSHAN, Gujarat Arya Pratinidhi Sabha, Aryasamaj, Nr, Raipur Darvaja, Maharshi Dayanand Marg, Kankariya, Ahmedabad And Printed at Nachiket Art Printer, 11,Galaxy Commercial Center, Jawahar Road, Rajkot. Editor SURESHCHANDRA B. AGRAWAL